INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૪-૦૪-૨૦૨૬

**માતરના લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય શ્રી કેસરીસિંહજી સોલંકીનું કોંગ્રેસ પક્ષમાં સ્વાગત**

- **રાજ્યમાં ચારે બાજુથી ભાજપના ઉમેદવારને જનતા પ્રચાર દરમિયાન જાકારો આપી રહી છે :શ્રી અમિત ચાવડા**
- **ભાજપ પોલીસ બળનો દૂરઉપયોગ કરી કોંગ્રેસના ઉમેદવારને ડરાવી અને દબાવી રહી છે :શ્રી અમિત ચાવડા**
- **બિલ્ડરો, બુટલેગરો અને ભાજપના એજન્ટોને ચેતવણી, કોંગ્રેસના ઉમેદવારને ધમકી આપી તો ભોગવવા તૈયાર રહજો :શ્રી અમિત ચાવડા**
- **પોલીસ અને અન્ય અધિકારીઓ ભાજપના એજન્ટ બનીને ચૂંટણીમાં કામ કરી રહ્યા છે :શ્રી અમિત ચાવડા**
- **કોંગ્રેસ પ્રતિનિધિમંડળ દ્વારા ચૂંટણી અધિકારીઓને મળીને વિવિધ ગેરરીતિઓ સામે ફરીયાદ કરવામાં આવી. : શ્રી અમિત ચાવડા**

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ પ્રેસ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે,સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના લોકો કોંગ્રેસના ઉમેદવારને દબાવી અને ડરાવી રહી છે. રાજ્યના અનેક વિસ્તારમાં ભાજપના ઉમેદવારોને પ્રચાર દરમિયાન જનતાનો ભારે વિરોધ અને ઝાકારો મળી રહ્યો છે.

પોલીસને ભાજપે કોન્ટ્રાકટ આપ્યો હોય તેમ લઘુમતી વિસ્તાર અને બીજા ગરીબ વિસ્તારમાં અપક્ષ ઉમેદવારો ઊભા રાખવા પણ પોલીસ પ્રયત્ન કરી રહી છે. સુરત શહેરમાં પણ અનેક વખત પોલીસ વિભાગ સામે ફરિયાદો કરવા છતાં પોલીસના અધિકારીઓ SOG, LCB ના અધિકારીઓ,કર્મચારીઓ દ્વારા ડરાવા દબાવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે પહેલા ચૂંટણી પંચને લેખિત અને રૂબરૂ જઈને પણ જાણ કરી છે. પોલીસ અને પ્રશાસન ભેગા થઈને લોકશાહી ખતમ કરી રહ્યા છે. લોકોના બંધારણીય અધિકારો ખતમ કરી રહ્યા છે. ચૂંટણીની પારદર્શકતા હોવી જોઈએ, તટસ્થતા હોવી જોઈએ તે ખતમ થઈ રહી છે.તેમણે ચેતવણી આપતા કહ્યું,પોલીસ અને પ્રશાસનના અધિકારીઓને જવાબદારી છે લોકશાહીની રક્ષા કરવાની, પારદર્શક રીતે તટસ્થ ચૂંટણી થાય તેની જવાબદારી છે. રાજ્યના તમામ અધિકારી ભાજપના એજન્ટ બનીને કામ કરવાનું બંધ કરો. નહીં તો આવનારા દિવસોમાં એવા કોઈપણ અધિકારીઓને છોડવામાં નહીં આવે.

કોંગ્રેસના ઉમેદવારોને ડરાવા દબાવવાનો જે પ્રયત્ન કરે છે, તેવા ધમકીઓ આપતા અધિકારીઓ, બુટલેગરો,એવા તમામ લોકોને મીડિયાના માધ્યમથી કહેવામાંગુ છુ કે,જે પણ લોકો આમાં સંડોવાયેલા હશે તેવા તમામ લોકોને આવનારા સમયમાં ભોગવવાની તૈયારી રાખવી પડશે. કારણ કે દેશ લોકશાહીથી અને બંધારણ મુજબ ચાલે છે, નહીં કે કમલમના કાર્યાલયમાંથી મળતા આદેશ મુજબ?. તમામ અધિકારીઓને પ્રજાના પરસેવાના ટેક્ષના પૈસાથી પગાર મળે છે. રાજ્યના તમામ અધિકારી પ્રજાના સેવક છે, પ્રજા સાથે બંધાયેલા છે. અમદાવાદના એક બિલ્ડર દ્વારા કોંગ્રેસના ઉમેદવારને ફોન કરીને લાખો રૂપિયાની ઓફર કરવામાં આવી છે. બિલ્ડરો, બુટલેગરો અને ભાજપના એજન્ટોને પણ કહેવા માગીએ કે આવી કોઈપણ પ્રવૃત્તિમાં રસ લેતા નહીં.

શ્રી અમિતભાઈ ચાવડાના હસ્તે માતરના લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય શ્રી કેસરીસિંહજી સોલંકી તથા અમદાવાદ શહેરના આમ આદમી પાર્ટીના વિવિધ હોદ્દેદારોને વિધિવત કોંગ્રેસ પક્ષમાં પ્રવેશ આપવામાં આવેલ. આ પ્રસંગે ખેડા જીલ્લા પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ધારાસભ્યશ્રી બિમલભાઈ શાહ, શ્રી પૂર્વ ડીરેક્ટર અમુલ સંજયભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી નટવરસિંહ ઠાકોર, પૂર્વ ખેડા જીલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી ચંદ્રશેખર ડાભી, કોંગ્રેસના આગેવાન શ્રી ભરતસિંહ પરમાર, ખેડા જીલ્લા પ્રભારી શ્રી નટવરસિંહ મહિડા, શ્રી નવીનભાઈ ભાવસાર, શ્રી ઐયુબખાન પઠાણ, શ્રી દિગ્વીજયસિંહ ગોહિલ, શ્રી દિનેશભાઈ રાઠોડ, શ્રી મુન્નાભાઈ સંધાણાવાલા, એડવોકેટશ્રી ગુલરેજ સૈયદ પદાધિકારીઓ તથા કાર્યકરોને ખેસ પહેરાવી કોંગ્રેસ પક્ષમાં સ્વાગત કર્યું.

-----------------------------------------------

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં લોકશાહી પર હુમલા સમાન ગેરનીતિઓ સામે ફરિયાદ

- **કોંગ્રેસ પક્ષના ઉમેદવારોના ઉમેદવારી પત્રો ગેરકાયદેસર રીતે રદ કરવામાં આવ્યા છે તથા વિરોધ પક્ષના ઉમેદવારો સામે રજૂ કરાયેલા વાંધાઓને પણ જાણબૂઝીને અવગણવામાં આવ્યા છે, જે લોકશાહી પ્રક્રિયાને ખંડિત કરતી ગંભીર ઘટના છે. : શ્રી અમિતભાઈ ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તરફથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમિયાન થયેલી ગંભીર ગેરરીતિઓ અને લોકશાહી મૂલ્યોના ભંગ મુદ્દે કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

ચૂંટણી અધિકારીઓ દ્વારા કોંગ્રેસ પક્ષના ઉમેદવારોના ઉમેદવારી પત્રો ગેરકાયદેસર રીતે રદ કરવામાં આવ્યા છે તથા વિરોધ પક્ષના ઉમેદવારો સામે રજૂ કરાયેલા વાંધાઓને પણ જાણબૂઝીને અવગણવામાં આવ્યા છે, જે લોકશાહી પ્રક્રિયાને ખંડિત કરતી ગંભીર ઘટના છે.

આ ઉપરાંત, સત્તા પક્ષ દ્વારા ઉમેદવારોને ધાકધમકી આપવી, લોભ-લાલચ અને વિવિધ પ્રલોભનો આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વધુમાં, પોલીસ અને વહીવટી તંત્રના દુરુપયોગ દ્વારા ઉમેદવારોના દરખાસ્ત રજૂ કરનાર અને તેમના ટેકેદારોને ઉપાડી લઈ જવા જેવા અત્યંત ગંભીર અને ચિંતાજનક બનાવો સામે આવ્યા છે, જે ચૂંટણીની નિષ્પક્ષતા પર પ્રશ્નચિહ્ન ઉભું કરે છે

આ સમગ્ર મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાની આગેવાનીમાં રાષ્ટ્રીય સેવાદળના અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈ, CWCના સભ્ય અને પૂર્વ પ્રદેશ પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોર, CEC સભ્ય અને પૂર્વ સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, લીગલ સેલના આગેવાનશ્રી યોગેશભાઈ રવાણી, શ્રી નિકુંજભાઈ બલર, પૂર્વ ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, પ્રદેશ ઉપપ્રમુખશ્રી નીશીતભાઈ વ્યાસ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, આગેવાનશ્રી નવીનભાઈ ભાવસાર(મામા) સહિતના પ્રતિનિધિ મંડળ દ્વારા આજરોજ ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી આયોગના મુખ્ય ચૂંટણી સચિવશ્રીને મળી સત્તાવાર ફરિયાદ નોંધાવીને તથા મજબૂત પુરાવાઓ સાથે કડક કાર્યવાહી કરવાની માંગ કરેલ છે. કોંગ્રેસ પક્ષ આ મુદ્દે અંત સુધી લડત આપશે અને જરૂર પડે તો ન્યાયાલયનો દરવાજો ખખડાવશે.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,

બિડાણઃ રાજ્ય ચૂંટણી આયોગને આપેલ ફરીયાદની નકલ